નં.નપાનિ/ટેક્ષશાખા/વિજાપુર/ખાસપાણી વેરો/વશી-૨૯૬/૨૦૧૩

નગરપાલિકા નિયામકની કચેરી
બ્લોક નં.૧૪,ત્રીજો માળ
ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ
સેક્ટર-૧૦, ગાંધીનગર
તારીખઃ ૨૪/૫/૨૦૧૩

વંચાણે લીધોઃ-

૧.મુખ્ય અધિકારીશ્રી વિજાપુરનગરપાલિકાનો પત્ર નં.(૧) ૧૭૩૭/૧૨/૧૩ તા.૮/૨/૧૩ અને (૨) ૧૭૬/૧૩/૧૪ તા.૨૦/૪/૧૩

૨.કલેકટરશ્રી મહેસાણા નો પત્ર ક્રમાંકઃનગપં/૧/વશી-૬૨૩/૨૦૧૩ તા.૬/૩/૨૦૧૩

૩.સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશનનં.કેવી/૧૯૩/૯૧/ જીઓએ/૧૦૯૦/૨૯૫૧(૧)મ. તા.૩૧/૭/૯૧

હુ કમઃ-

આમુખ (૧) થી મુખ્ય અધિકારીશ્રી વિજાપુરનગરપાલિકાએ ખાસ પાણીવેરા નિયમો-૨૦૧૩ કરવાની દરખાસ્ત અત્રેની કચેરીને કરવામાં આવેલ છે.

આમુખ (૨) ના પત્રથી કલેકટરશ્રી મહેસાણા એ વિજાપુરનગરપાલિકાના સદરહું નિયમોની દરખાસ્ત ચકાસણી કરીને મંજુર કરવા ભલામણ કરેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૧ તેમજ પ્રોવીઝન(એ) હેઠળના નગરપાલિકાએ બનાવેલા નિયમો મજુર કરવા અથવા સુધારો કરવાની ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૧૦૨ હેઠળ આમુખ (૩) અન્વયે નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત રાજય ગાંધીનગરને મળેલ સત્તાની રુએ આ સાથેના વિજાપુરનગરપાલિકાના ખાસ પાણીવેરા નિયમો-૨૦૧૩' મંજૂર કરવા આથી હુકમ કરવામાં આવે છે. આ નિયમો લાગુ પાડતા પહેલા ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૧૦૩ મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

બિડાણઃ- નિયમોની નકલ

રવાના કર્યું ૨૪-૫-૧૩

સહી/-
(એસ. બી. રાવલ)
નિયામક નગરપાલિકાઓ
ગુજરાત રાજય,ગાંધીનગર

મદદનીશ નિયામક નગરપાલિકાઓ
ગુજરાત રાજય,ગાંધીનગર

વિજાપુર નગર પાલિકા
દફતરનું નામ.....
આવક નંબર.....
તારીખ.....

પ્રતિ
પ્રમુખશ્રી / મુખ્ય અધિકારીશ્રી
વિજાપુરનગરપાલિકા, જિ. મહેસાણા

નકલ સવિનય રવાનાઃ-

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જાણ સારું

નકલ રવાનાઃ-

- કલેકટરશ્રી મહેસાણા જિલ્લો તરફ જાણ સારૂ.
- મુખ્ય અધિકારીશ્રી વિજાપુરનગરપાલિકા, જિ. મહેસાણા તરફ ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની જોગવાઇ મુજબ અમલવારી કર્યા અંગેનો ઠરાવ કરી, અમલવારી કર્યાની જાણ કરવા સારુ
- સિલેકટ ફાઇલે

# વિજાપુર નગરપાલિકા

## સામાન્ય સભાના ઠરાવ નંબર ૩૯, તા.૩૧-૦૭-૨૦૧૨થી મંજુર ખાસ પાણીવેરાના નિયમો-૨૦૧૩

આમુખ -

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૮૭ ગ(ગ) મુજબ નાગરિકોને પાણી પુરુ પાડવુ એ નગરપાલિકાની ફરજ છે. જેના માટે થતાં ખર્ચને પહોંચી વળવા તથા પાણી પુરવઠાની સેવા સ્વનિર્ભર કરવા માટે સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓ અન્વયે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૯૯(૧) (ક) ની જોગવાઇ તથા કલમ-૨૭૧(ઢ)ની જોગવાઇ મુજબ ખાસ પાણીવેરા માટે નગરપાલિકા નીચે મુજબના નિયમો બનાવે છે તથા તેના દર નક્કી કરે છે.

- ટુંકુ નામ – આ નિયમો સ્વર્ણિમ જયંતિ વર્ષ ખાસ પાણીવેરા નિયમો- ૨૦૧૨ કહેવાશે
- દર – ખાસ પાણીવેરાના દર પરિશિષ્ટ – ૧ મુજબના રહેશે.
- **ક્યારથી લાગુ પડશે ? – આ નિયમો નિયામકશ્રીની મંજુરી મળ્યેથી અમલમાં આવશે.**

વિસ્તાર વ્યાપ –

ખાસ પાણીવેરો નગરપાલિકા હદમાં આવેલ મિલકતો પૈકી જે મિલકતોમાં નગરપાલિકા દ્વારા પાણી માટે નળ કનેક્શન આપવામાં આવેલ હોય તેવી મિલકતોને જોડાણની સાઇઝ તથા મિલકતના પ્રકાર મુજબ લાગુ પડશે. જે નગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ મિલકતોને લાગુ પડશે અને હવે પછી વખતોવખત જે કોઇ વિસ્તાર વધારવામાં આવશે કે સમાવવામાં આવશે તેને લાગુ પડશે.

રદ કરવા તથા અપવાદ બાબત –

નગરપાલિકાના ખાસ પાણીવેરા બાબતના અગાઉના તમામ નિયમો તથા ઠરાવો રદ કરવામાં આવે છે. પરંતુ તે રીતે રદ થવાથી આવી રીતે રદ થયેલ નિયમો / ઠરાવો હેઠળ કરેલ કોઇ નિયમ કે કોઇપણ કૃત્યો અથવા તે હેઠળ લીધેલાં કોઇપણ પગલાંને બાધ આવશે નહી તથા જૂના માંગણા / લ્હેણાં વસુલ કરવા બાબતે કોઇ વાધો આવશે નહી.

✓ વ્યાખ્યાઓ -

1. " અધિનિયમ / કાયદો " એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ – ૧૯૬૩ અને " કલમ " એટલે અધિનિયમની કલમ.
2. " દર " અથવા " ટેક્ષ " એટલે મિલકત કે તેના ભાગ પરનો ખાસ પાણીવેરો.

ચીફ ઓફીસર
વિજાપુર નગરપાલિકા

પ્રમુખ
વિજાપુર નગરપાલિકા

3. " મકાન " નો અર્થ ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની રકમ-૨ (૨) માં જણાવવામાં આવેલ છે. તે મુજબ કરવાનો રહેશે અને મકાન માલિકનો અર્થ ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ ૨(૧૮) મુજબ કરવાનો રહેશે.
4. " મુખ્ય અધિકારી" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૪૭ અન્વયે નિમાયેલ અધિકારી.
5. " કારોબારી સમિતિ" એટલે નગરપાલિકા અધિનિયમની જોગવાઇ મુજબ રચાયેલ કારોબારી સમિતિ.
6. " વર્ષ " એટલે એપ્રીલ મહીનાની પહેલી તારીખથી શરુ થતુ અને માર્ચ મહીનાની ૩૧મી તારીખે પુરુ થતું વર્ષ અર્થાત્ નાણાંકીય વર્ષ અથવા તેનો કોઇ ભાગ.
7. " કર વસુલાતદાર "એટલે વિજાપુર નગરપાલિકાનો કોઇપણ કર્મચારી અથવા નગરપાલિકાએ વખતોવખત નિયુક્ત કરેલ સંસ્થા / એજન્સી અથવા વ્યક્તિઓ.
8. " કબજેદાર " એટલે માલિક, એજન્ટ, ભાડુઆત, મેનેજર અથવા ગણોતીયા તરીકે મકાન અથવા જમીનનો ખરેખરો કબજો ધરાવતી વ્યક્તિ.
9. " વેરો " એટલે ખાસ પાણીવેરો.
10. " કંટ્રોલીંગ કમિટિ " એટલે વોટર વર્કસ ( પાણી પુરવઠા) કમિટિ અને તેવી કમિટિની રચના કરવામાં આવી ન હોય તો કારોબારી સમિતિ એમ સમજવું.
11. " કુટુંબ " એટલે એક સાથે રહેતી, રાંધતી અથવા જમતી વ્યક્તિઓનો સમુહ. જેમાં નોકરો, મુલાકાતીઓ અને મહેમાનોનો સમાવેશ થાય છે. પરંતુ અલગ રેશનકાર્ડ કે બી.પી.એલ. કાર્ડ હશે તો અલગ કુટુંબ ગણાશે.
12. " ઘર વપરાશ / રહેણાંક હેતુ માટે " એટલે ઘરમા રહેનારાઓ માટે પીવાના, રાંધવાના તથા કપડા ધોવાના તથા ઘર વગેરેના સામાન્ય ઉપયોગ માટે પાણીનો વપરાશ સમજવાનો રહેશે તથા તે ઇમારતની આસપાસ શોભા માટે કરેલ બગીચો કે જેનો વિસ્તાર ૨૫ ચો.મી.થી વધારે ન હોય તે માટે વાપરવાના પાણીનો ઉપયોગ સમાવેશ થયેલો ગણાશે. પરંતુ તેમાં દુકાન / હોટલ / વીશી / લોજ / બોર્ડીંગ / ગૌશાળા / રેસ્ટોરન્ટ / નાસ્તા હાઉસ / સિનેમા / દવાખાનુ / હોસ્પીટલ / વર્કશોપ / ફેક્ટરીમાં થતાં પાણીના ઉપયોગ નો સમાવેશ થયેલ ગણાશે નહી.
13. " બાંધકામનો હેતુ " એટલે કે મકાનના બાંધકામનો હેતુંનો વપરાશ કે જેમાં નાની દુરસ્તી કે જેની રજા લેવાની જરુર નથી તે સિવાયની દુરસ્તીનો પણ સમાવેશ થાય છે.
14. આ નિયમોમાં જેની વ્યાખ્યા ન કરી હોય પરંતુ અધિનિયમમાં વ્યાખ્યા કરી હોય તેવા શબ્દો અને શબ્દ પ્રયોગોનો અર્થ અધિનિયમમાં કરવામાં આવેલ છે તે મુજબ થશે.

✓ નિયમો –

1. ખાસ પાણીવેરો મિલકત વેરા તથા અન્ય વેરા સાથે સાંકળીને સંયુક્ત બીલથી કે અલગથી બીલ બનાવીને વસુલ કરી શકાશે.
2. વેરો સમગ્ર વર્ષ માટે એક સામટો કે દર ત્રણ મહીને કે દર મહીને ( નગરપાલિકા વખતો વખત નક્કી કરે તે પ્રમાણે ) ભરવાનો રહેશે.
3. વેરો નગરપાલિકા કચેરીમાં અથવા નગરપાલિકા વખતો વખત જાહેર / નક્કી કરે તે સ્થળ અથવા ઉભા કરે તેવા ટેક્ષ કલેક્શન સેન્ટર / વોર્ડ ઓફીસ / જનસુવિધા કેન્દ્ર ખાતે તથા નગરપાલિકા નક્કી કરે તે પધ્ધતિથી ભરવાનો રહેશે.

ચીફ ઓફીસર
વિજાપુર નગરપાલિકા

પ્રમુખ
વિજાપુર નગરપાલિકા

4. વેરો નગરપાલિકા અધિનિયમમાં દર્શાવેલ સમયમર્યાદામાં ભરપાઇ કરવાનો રહેશે.
5. પ્રાથમિક રીતે કોઇપણ મિલકતનો નગરપાલિકા આકારણી પત્રકે નોંધાયેલ માલિક વેરો ભરવા માટે જવાબદાર ગણાશે. પરંતુ ચુકવણીમાં માલિક દ્વારા કસુર થયેથી આવી મિલકતના ખરેખરા વપરાશકર્તા ભાડુઆત, મેનેજર, વહીવટકર્તા પાસેથી વસુલ કરી શકાશે.
6. વેરાની આકારણીઅને વસુલાત માટે ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની જોગવાઇઓ આપોઆપ લાગુ પડશે અને નિયંત સમયમાં વેરો ન ભરનાર સામે નગરપાલિકા અધિનિયમની કલમ-૧૩૩ હેઠળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
7. ખાસ પાણીવેરાનું અલગ માંગણા રજીસ્ટર અમલમાં આવશે નહી.
8. જે મકાનો મિલકત વેરામાં બાકાત રાખેલ છે અને જેનો મિલકતવેરો આકારેલ નથી તે તમામ મિલકતો સામાન્ય પાણીવેરાની જવાબદારીમાંથી મુક્ત ગણાશે નહી.
9. નોટીસ ફી – માંગણાબીલની બજવણી થયા બાદ ૧૫ દિવસમાં વેરો ભરવામાં ન આવે તો મુખ્ય અધિકારી માંગણા નોટીસ બજાવશે. પ્રથમ નોટીસ માટે કરના ૧૦ ટકા અથવા રૂ.૧૦૦/- બંન્નેમાંથી જે ઓછી હોય તેટલી નોટીસ ફી લાગુ પડશે. જ્યારે અન્ય નોટીસ માટે કરના ૧૦ ટકા અથવા રૂ.૧૦૦/- એ બંન્નેમાંથી જે વધારે હોય તેટલે નોટીસ ફી લાગુ પડશે.
10. વોરંટ ફી – ગુજરાત નગરપાલિકા અધિનિયમની જોગવાઇ મુજબ વોરંટ ઇસ્યુ કરવામાં આવશે તો કરના ૧૦ ટકા વોરંટ ફી લાગુ પડશે.
11. મુક્તિ – (૧) નગરપાલિકાની માલિકીની તમામ ઇમારતો કે મિલકતો કે જેનું ભાડુ ઉપજતું ન હોય (૨) આંગણવાડી કેન્દ્રો અને શૈક્ષણિક સંસ્થાઓ ( માત્ર સામાન્ય પાણીવેરા માટે )
12. વેરા રીફંડ કરવાની રીત – અધિનિયમની કલમ ૧૩૮ અને ૧૩૯ હેઠળ હોય તે સિવાય (ક) કારોબારી સમિતિની મંજુરીથી રીફંડ આપવાની જરુરીયાતનાં કારણોની યોગ્ય તપાસ કર્યા પછી કારોબારી સમિતિ રીફંડ મંજુર કરી શકશે. (ખ) કરની રકમ ચુકવ્યા પછી રીફંડ માંગવામાં આવ્યુ હોય તે સિવાય કોઇ રીફંડ આપવાનું અધિકૃત ગણાશે નહી.
13. બિલ / નોટીસની બજવણી – નગરપાલિકા અધિનિયની જોગવાઇ મુજબ બજવણી કરવામાં આવશે. સંબંધિત વ્યક્તિ બીલ / નોટીસ સ્વીકારવાની મનાઇ કરશે તો બીલ બજાવનાર સંબંધિત મિલકત પર તેને ચોંટાડી / લગાવી શકશે. જે કાયદેસર ગણાશે. બીલ કુરીયર દ્વારા પણ નગરપાલિકાના રેકર્ડમાં માલિક / ભોગવટેદાર તરીકે જેનું નામ હોય તે નામે મોકલી શકાશે. જે કોઇપણ કારણોસર કે કોઇ સંજોગોમાં પરત આવશે તો નગરપાલિકાની કોઇ જવાબદારી રહેશે નહી.
14. કર કોના પાસેથી વસુલ કરવામાં આવશે તે બાબત. - ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૧૧૩માં જણાવેલ જોગવાઇઓ મુજબની વ્યક્તિઓ પાસેથી કર વસુલ કરવામાં આવશે.
15. તકરાર – પાણીના વપરાશનો હેતુ નક્કી કરવાની તકરારની બાબતમાં કંન્ટ્રોલીંગ કમિટિનો નિર્ણય આખરનો ગણાશે.
16. જે વ્યક્તિ / કુટુંબ જેની પાસે તેની મિલકતમાં ખાનગી પાણીનું કનેક્શન હોય તો તે વ્યક્તિ / કુટુંબ બીજી કોઇ વ્યક્તિ / કુટુંબને આ કનેક્શનમાંથી પાંણી વાપરવા / ભરવા દેશે નહી. જો એમ થયેલ / થતુ માલુમ પડશે તો તે વ્યક્તિનું કનેક્શન કાપી નાખવામાં આવશે.

ચીફ ઓફીસર
વિજાપુર નગરપાલિકા

પ્રમુખ
વિજા... પાલિકા

17. નગરપાલિકાએ માત્ર ઘર વપરાશ માટે ( અર્થાત્ પીવા, ન્હાવા, ધોવા, રસોઇ કરવા ) પાણી પુરૂ પાડવાનું હોય છે. અન્ય હેતુ માટે પાણી પુરૂ પાડવાની નગરપાલિકાની જવાબદારી નથી. આથી રહેણાંક ( ઘર વપરાશ ) સિવાયના હેતુ માટેના કનેક્શનો નગરપાલિકા રદ્દ કરી શકશે અથવા આવા કનેક્શનો માટે મીટર મુકવાનું ફરજીયાતપણે લાગુ કરી શકશે. જેમાટે નગરપાલિકા નક્કી કરે તે દરથી વેરો ભરવાનો રહેશે.

18. જે મિલકતમાં પાણીનું નળ કનેક્શન હોય તે મિલકત કોઇ બીજી વ્યક્તિને વેચાણથી આપવામાં આવી હોય અથવા ભેટ કે મોર્ગેજથી આપવામાં આવી હોય અથવા બીજી કોઇ રીતે એ મિલકત કોઇ વ્યક્તિના અધિકાર / કબજામાં હોય ( દા.ત. ભાડેથી આપેલ હોય ) તો તે વ્યક્તિ આ દર ભરવા માટે જવાબદાર ગણાશે.

19. એવા દરેક કેસો કે જેમાં પાણીનો દર / ફી અથવા ચાર્જનો ઉલ્લેખ ઉપર જણાવેલ મુદ્દામાં કરેલ ન હોય તો નિયંત્રક કમિટિ સદર ચાર્જ નક્કી કરી શકશે. (૧) સ્ટોલો, બુથો, તંબુઓ, મંડપો, શોની જગ્યાઓ અને બીજી ખાનગી અથવા નગરપાલિકાની અથવા પ્રદર્શનો અથવા મનોરંજનના ખેલ, ક્રીકેટ ટુર્નામેન્ટ, કાર્નિવલ, આનંદમેળો અથવા પૈસાથી પ્રવેશ મળતો હોય તેવા અન્ય શોના હેતુ માટે કોઇપણ ઉપયોગમાં લીધેલી જમીનો સાથે સરકારી જમીનો પર બાંધેલા કામચલાઉ બાંધકામ માટે નિયંત્રક કમિટિએ જણાવેલ દર આકારાશે.

20. પાણી જોડાણવાળી મિલકત વેચાણથી અથવા બીજી રીતે બીજી વ્યક્તિના કબજામાં જાય ત્યારે કબજો મેળવનાર વ્યક્તિ પાણી જોડાણ સંબંધમાં અને તેવા તમામ હેતું માટે લેણી નીકળતી તમામ બાકી રકમ ભરવા માટે જવાબદાર રહેશે. મિલકતનો કબ્જો મેળવતી વ્યક્તિએ પાણી જોડાણ પોતાના નામે કરાવવા મુખ્ય અધિકારીને લેખિત અરજી કરવાની રહેશે.

21. પાણીના વેરા અંગે ખાસ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો ન હોય તેવા તમામ કેસોની બાબતમાં ઉપર જણાવેલ નિયમોમાંથી ફી અથવા ચાર્જ નક્કી કરવા માટે નિયંત્રક કમિટિને અધિકાર રહેશે.

22. જો કોઇ કનેક્શનનો તે જે હેતુ માટે લીધેલ હોય તેના કરતાં અન્ય હેતુ માટે ઉપયોગ થતો હોવાનું માલુમ પડશે તો તેવું કનેક્શન રદ્દ કરવામાં આવશે. વિકલ્પે કંટ્રોલીંગ કમિટિની મંજુરી મેળવી આવુ કનેક્શન હેતુ ફેર કરી શકાશે. આવા હેતું ફેર થયેલ કનેક્શનમાં નગરપાલિકા ફરજીયાત પણે મીટર મુકાવી શકશે તથા જેટલાં સમયથી આવા કનેક્શનનો હેતુ ફેર ઉપયોગ થતો હોવાનું જણાય તેટલા સમયથી તે મુજબનો દર વસુલ કરી શકાશે.

23. મીટર બેસાડવા બાબત – જો કોઇપણ જોડાંણ માટે મીટર દ્વારા પાણી પુરૂ પાડવાનું છે. તે જોડાણ મીટર સંબંધ કર્તાએ નિયંત્રક કમિટિ સુચવે તે પ્રકારનું અને બનાવટનું પોતાના ખર્ચે ખરીદ કરીને નગરપાલિકાનું કાયદેસરનું લાયસન્સ ધરાવતાં પ્લમ્બર મારફતે ફીટ કરાવવું પડશે.

24. મીટર ભાડા અને ફીટીંગ ચાર્જ બાબત – ( અ ) જો નગરપાલિકાની માલિકીનું મીટર બેસાડવામાં આવ્યુ હોય તો કંન્ટ્રોલીંગ કમિટિ દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવે તે પ્રમાણે મીટર ભાડુ આકારવામાં આવશે. (બ) કનેક્શન ધારણ કરવાનું મીટર બેસાડતાં કંન્ટ્રોલીગ કમિટિ દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવે તે પ્રમાણે દર વસુલ લઇ મીટર બેસાડી આપવામાં આવશે.

25. મીટર રીડીંગ બાબત – નગરપાલિકાના કર્મચારી મીટર રીડીંગ લઇને બીલ મોકલશે અને તે મળ્યા પછી નિયમ અનુસાર પાણીના દર ભરવા માટે સંબંધકર્તા જવાબદાર રહેશે.

26. મીટર દુરસ્તી તથા આકાર બાબત – (અ) મીટર બગડી જાય અથવા કોઇપણ સાચા આંકડા બતાવી શકે નહી તો મુખ્ય અધિકારી લેખિત નોટીસ આપશે અને તે મળ્યેથી એક માસની અંદર મીટર દુરસ્ત કરવાનું રહેશે.

ચીફ ઓફીસર
વિજાપુર નગરપાલિકા

પ્રમુખ
વિજાપુર નગર પાલિકા

(બ) મીટર બગડી જાય અથવા તો કોઇપણ કારણથી સાચા આંકડા બતાવી શકે નહી તો તેને દુરસ્ત કરવાની નોટીસ આપ્યાથી એક માસની અંદર મીટર દુરસ્ત નહી કરવામાં આવે તો તેને દર ત્રણ મહીનાની સરાસરી દર મુજબ અથવા તો ઓછામાં ઓછા પરિશિષ્ટ-૧ માં બતાવ્યા પ્રમાણે દર મુજબ બંન્નેમાંથી જે વધારે હશે તે પ્રમાણે લેવામાં આવશે.

27. **નળ કનેક્શન માટે અરજી** – (અ) પાણીનું કનેક્શન મેળવવા માટે તે મકાન કે જગ્યાના માલિકે અને સરકારી કે સંસ્થાના મકાન માટે અધિકારવાળા ઇસમે મુખ્ય અધિકારીએ ઠરાવેલ નમુનામાં લેખિત માંગણી કરવાની રહેશે. (બ) કનેક્શન આપતાં કોઇના હક્કને કોઇપણ પ્રકારનો બાધ આવતો હોય તો તે માટેની તમામ જવાબદારી કનેક્શન ધારણ કરનારની રહેશે. (ક) પાણીના જોડાણ માટેની ભાડુઆતની માંગણી પણ જો તે મકાન માલિકની સંમતિ રજુ કરશે તો કંટ્રોલીંગ કમિટી વિચારણામાં લેશે.

28. **નળ કનેક્શન મંજરૂ / નામંજુર કરવા બાબત.** – જોડાણ માટેની માંગણી મંજુર કરવાનો કે વ્યાજબી કારણસર નામંજુર કરવાનો અધિકાર કંટ્રોલીંગ કમિટિને રહેશે.

29. નગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ પાઇપ લાઇનો કે જેમાં નગરપાલિકા દ્વારા પાણીનું વહન કરવામાં આવે છે. તે તમામ લાઇનોની માલિકી નગરપાલિકાની રહેશે.. જેના મેઇન્ટેનન્સની જવાબદારી નગરપાલિકાની રહેશે તથા આવી લાઇનોમાંથી નગરપાલિકા કનેક્શનો આપી શકશે. ડીસ્ટ્રીબ્યુશન લાઇનથી જે તે મિલકત સુધી લાઇનના મેઇન્ટેનન્સની જવાબદારી જે તે મિલકત ધારક / ભોગવટ કર્તાની રહેશે.

30. આકસ્મિક / ટેક્નીકલ કારણોસર પાણી પુરવઠો બંધ રહેશે તો તે અંગે કોઇપણ જાતનું વળતર માંગી શકાશે નહી કે દાવો કરી શકાશે નહી.

31. **નામફેર કરવા બાબત.** – પાણીનું જોડાણ મકાન કે જગ્યાના માલિક અથવા સરકારી કે સંસ્થાના મકાનના અધિકારવાળા ઇસમના નામ ઉપર હોય અને તે મકાન કે જગ્યા બીજાની માલિકીની થાય ત્યારે જોડાણ નામફેર કરવાની તમામ જવાબદારી નવા માલિકની રહેશે.

32. **પાણીનો બગાડ તથા દુરપયોગ અટકાવવા બાબત.** – (૧) જો ભાંગતૂટના કારણે અગર લીકેજથી અથવા જોડાણ ધારણ કરનાર જાણી જોઇને પાણીનો દુર્વ્યય કરતો માલુમ પડે તો અગર બીલ ભરવા ચૂકે તો ચોવીસ કલાકની નોટીસ આપીને મુખ્ય અધિકારીને જોડાણ બંધ કરવાનો અધિકાર રહેશે. (૨) જે ઉપયોગ માટે જોડાણ આપેલ હોય તે કરતાં બીજા કોઇ હેતુ માટે પાણી વપરાતું હોય તો ચોવીસ કલાકની નોટીસ આપીને મુખ્ય અધિકારી આવું જોડાણ બંધ કરાવી શકશે. (૩) કનેક્શન પર નળ લગાવેલ ન હોય, નળમાંથી પાણી વહી જતુ હોય, ટાંકી ઉભરાતી હોય કે અન્ય રીતે પાણીનો બગાડ થતો માલુમ પડશે તો મુખ્ય અધિકારી જોડાણ બંધ કરી શકશે.

33. **પાણીનું જોડાણ દુર કરવા બાબત.** – (૧) નગરપાલિકાના મુખ્ય અધિકારી નીચે જણાવેલ કોઇપણ કારણોસર કોઇપણ સમયે જોડાણ કાપી નખાવી શકશે.

૧. નગરપાલીકાની લેણી થયેલી રકમ ભરવામાં કસુર થાય ત્યારે અથવા જોડાણ કાપવામાં આવેલ હોય અને ચાર્જ ભરપાઇ ન કરે ત્યારે.

૨. પાઇપો, ચકલીઓની તુટફુટ અથવા નુકશાન થાય અથવા જોડાણમાંથી બીજી ખામીઓ હોય તો જ્યાં સુધી મુખ્ય અધિકારીને ખાતરી થાય તેવી રીતે પાઇપો, ચકલીઓની તુટફુટ અથવા જોડાણમાંથી બીજી ખામીઓ સુધારવામા ન આવે ત્યા સુધી

ચીફ ઓફીસર
વિજાપુર નગરપાલિકા

પ્રમુખ
વિજાપુર નગરપાલિકા

૩. પાણીનો બગાડ થાય તો જ્યા સુધી મુખ્ય અધિકારીને ખાતરી થાય તેવી રીતે પાણીનો બગાડ અટકાવવામાં ન આવે ત્યાં સુધી.

૪. જોડાણનો દુર ઉપયોગ થતો જણાય તો મુખ્ય અધિકારીને ખાતરી થાય તેવી રીતે જોડાણનો દુર ઉપયોગ થતો અટકાવવામાં ન આવે ત્યાં સુધી.

૫. મુખ્ય અધિકારીને જાહેર હિતમાં જરુરી જણાય ત્યારે હંગામી કે કાયમી ધોરણે.

૬. જોડાણ કાપી નાખવાના મુખ્ય અધિકારીના હુકમ સામેની અપીલ આવા હુકમના તારીખથી પંદર દિવસની અંદર નિયંત્રક કમિટિને કરી શકશે.

૭. નિયંત્રક કમિટિના નિર્ણય સામેની અપીલ, આવા નિર્ણયની જાણ થાય તે તારીખથી ૩૦ દિવસની અંદર નગરપાલિકાને કરી શકશે. નગરપાલિકાનો નિર્ણય આખરી ગણાશે.

૮. લ્હેણી થયેલી રકમ અપીલ કરનારે નગરપાલિકામાં અનામત મુકેલ ન હોય તો અપીલ દાખલ કરી શકશે નહી.

34. ફરી જોડાણ બાબત – કોઇપણ કારણોસર જોડાણ કાપી નાખવામાં આવે ત્યારે મુળ જોડાણ ધોરણે લેખિત અરજી કરી હોય તે સિવાય નવેસરથી જોડાણ આપવામાં આવશે નહી તેમજ લેણી રકમો, જોડાણ કાપી નાખવામાં થયેલ ખર્ચ ફરી જોડાણ માટેનો ખર્ચ એમ કુલ રૂ.૫૦૦/- વહીવટી ચાર્જની રકમ ભરવામાં ન આવે ત્યાં સુધી તે જોડાણ નવેસરની કરવામાં આવશે નહી. આવા કિસ્સામાં ડીપોજીટની રકમ પુનઃ લેવામાં આવશે નહી.

35. જોડાણ બંધ કરવા / કાપી નાખવાના સંબંધમાં રીફંડ – પાણી પુરવઠો બંધ કરવાના અથવા કોઇ જોડાણ કાપી નાખવાના સંબંધમાં કોઇ પ્રકારનું રીફંડ આપવાં અથવા દર માફ કરવા અથવા નુકશાની માંગવા બાબતે કોઇપણ જાતનો કોઇ દાવો કરી શકશે નહી.

36. નગરપાલિકા દ્વારા ટેક્ષ વળતર તથા દંડનીય વ્યાજ અને નોટીસ તથા વોરંટ ફી અંગે વખતો વખત જે નિયમો અમલમાં હશે તે આ વેરા માટે લાગુ પડશે.

37. નવીન નળ કનેક્શન મેળવવા માટેની અરજી ફોર્મનો નમુનો, મંજુર કરવાની કાર્યપધ્ધતિ, મંજુર કરવાની સત્તા, સ્થળ ચકાસણી ફી, રોડ અંગેનો ચાર્જ, કનેક્શન ચાર્જ, ડીપોઝીટ, જોડાણ હંગામી કે કાયમી ધોરણે સ્થગિત / રદ્દ કરાવા તથા તે અંગેના ચાર્જ, જોડાણ નામફેર કરવા તથા તબદીલ કરવા અંગેનો ચાર્જ, અન્ય લાઇન / બીજી જગ્યાએથી જોડાણ લેવા બાબત. ગેરકાયદે જોડાણો તથા મંજુર કરેલ સાઇઝ મોટુ કનેક્શન લેવા બદલ કાર્યવાહી કરવા તથા આવા જોડાણોને માન્ય કરવા બાબતે તથા નળ કનેક્શન સંબંધી અન્ય બાબતો નગરપાલિકા વખતો વખત ઠરાવોથી જે નક્કી કરે તે મુજબ રહેશે.

38. મોટર દ્વારા પાણી ખેંચવામાં આવતુ હોવાનું માલુમ પડશે તો મોટર જપ્ત કરવામાં આવશે અને પાણીની ચોરી બદલ નિયંત્રક કમિટિ રૂ.૧૦૦૦/- ની મર્યાદામાં ચાર્જ વસુલ કરી શકશે.

39. ડેવલપર્સ / બિલ્ડર્સ દ્વારા કરવામાં આવતાં વિકાસ કામો ( બાંધકામો ) માટે યુનિટ દીઠ રૂ.3000/- પાણી ડીપોઝીટ પેટે લેવામાં આવશે અને આવા કનેક્શન નિયમ નંબર ૨૩ મુજબ મીટર પધ્ધતિથી જ આપવામાં આવશે. પાણીનો ચાર્જ દર ૧૦૦૦ લીટર દીઠ રૂ.૧૨/- રહેશે.

ચીફ ઓફીસર
વિજાપુર નગરપાલિકા

પ્રમુખ
વિજાપુર નગરપાલિકા

પા.૧૩

40. કોઇપણ કિસ્સામાં મુખ્ય અધિકારીના અભિપ્રાયના આધારે કંન્ટ્રોલીંગ કમિતિ ફરજીયાત મીટર મુકાવી શકશે.

41. નવીન તમામ કનેક્શનો ૧/૨ ઇંચના વ્યાસના જ આપવાનાં રહેશે. હાલમાં જે હયાત કનેક્શનો ૧/૨ કે વધુ સાઇઝના છે. તે બંધ કરી ૧/૨ સાઇઝના કરવામાં આવશે અથવા આવા કિસ્સામાં મીટર લગાવી તે મુજબ ચાર્જ વસુલ કરવામાં આવશે કે સરકારશ્રીની સુચના મુજબ ૩/૪ ઇંચના વ્યાસના કનેક્શનમાં ૧/૨ ઇંચના દરના ૩ ગણા તથા ૧ ઇંચના વ્યાસના કનેક્શન માટે ૧/૨ દરના ૬ ગણા વેરા લાગુ પડશે.

42. નવીન એપાર્ટમેન્ટ / ફ્લેટ સીસ્ટમવાળા રહેણાંક મકાનો માટે નગરપાલિકા દ્વારા સામુહીક સમ્પમાં ( અંડર ગ્રઉન્ડ ટાંકામાં) મીટર પધ્ધતિથી પાણી આપવામાં આવશે. ફ્લેટ ધારકને વ્યક્તિગત કનેક્શન આપવામાં આવશે નહી. આવા હયાત કનેક્શનો માટે નિયંત્રક કમિટિ નિર્ણય કરશે.

## પરિશિષ્ટ - ૧ ( ખાસ પાણીવેરાના દર )

| ક્રમ | મિલકતની વિગત | હાલનો દર વાર્ષીક રૂ.( સાઇઝ.૧/૨ ઇંચ) | નવા સૂચિત દર | |
|---|---|---|---|---|
| | | | સાઇઝ ( ૧/૨ ઇંચ) નું કનેક્શન વાર્ષીક દર | મીટર પધ્ધતિ મુજબ ઠરાવેલ દર ( ૧૦૦૦ લીટર દીઠ) |
| ૧ | રહેણાંક | 600.00 | 600.00 | |
| ૨ | વાણિજ્યિક | 1000.00 | 1500.00 | |
| ૩ | હોટલ, લોજ, રેસ્ટોરન્ટ, દવાખાના, હોસ્પીટલ, પાર્ટી પ્લોટ, નાના સર્વીસ સ્ટેશન, માર્બલ સ્ટોન ફેક્ટરી, પી.વી.સી. પાઇપ ફેક્ટરી વગેરે | 1000.00 | 1500.00 | |
| ૪ | પાણીનો કચા માલ તરીકે ઉપયોગ કરતા એકમો જેવાં કે – સીમેન્ટ પ્રોડક્ટ્સ ફેક્ટરી, સોફ્ટ ડ્રીક્સ, આઇસ ફેક્ટરી, પાણીના પાઉચ બનાવતી ફેક્ટરી, મોટા સર્વીસ સ્ટેશનો | 2250.00 | [illegible]00.00 | |
| ૫ | બાંધકામ | - | | 12.00 |

ચીફ ઓફીસર
વિજાપુર નગરપાલિકા

પ્રમુખ
વિજાપુર નગરપાલિકા

રવાના કર્યું ૧૮.૫.૧૩
નિયામક, નગરપાલિકાઓ
ગુજરાત રાજ્ય ગાંધીનગર વતી

સહી/-
( [illegible] )
નિયામક નગરપાલિકાઓ,
ગુ. રા. ગાંધીનગર